## 1. મહિલા સશક્તિકરણની વિભાવના સમજાવો.

- અગાઉના સમયમાં મહિલાઓને અબળા ગણવામાં આવતી હતી. વર્તમાન સમયમાં મહિલાઓ સશક્ત બની છે. સ્વામી વિવેકાનંદના મતે, "વિશ્વના કલ્યાણ માટે મહિલાઓની સ્થિતિ જયાં સુધી સુધરશે નહિ ત્યાં સુધી વિકાસની કોઈ તક મળી શકશે નહિ. કોઈ પણ પંખીને એક પાંખથી ઊડવું અશક્ય બની જતું હોય છે." મહિલાઓના અધિકાર આપવાનો મુદ્દો સમગ્રવિશ્વમાં ધ્યાન આકર્ષિત બન્યો છે .
- મહિલાઓના અધિકારોને સ્વતંત્ર, સમાન અને ન્યાયપૂર્ણ રીતે ભોગવવાની બાબત મહિલા સશક્તિકરણનું પ્રથમ સોપાન છે. ષભારતમાં મહિલાઓ વિશેના ખ્યાલો બદલાતા ગયા અને એના વિકાસ વિશેના અભિગમો વિકસતા ગયા. વિકાસની પ્રક્રિયામાં મહિલાઓને જોડવામાં આવી.
- પરિણામે શૈક્ષણિક, આર્થિક, સામાજિક, રાજકીય અને આરોગ્યના ક્ષેત્રે મહિલાઓનું સશક્તિકરણ વધવા લાગ્યું. ભારતના બંધારણ, કાયદાઓ, મહિલાઓ વિશેની કલ્યાણ યોજનાઓ અને વિવિધ કાર્યક્રમોના લીધે મહિલા સશક્તિકરણને વેગ મળ્યો. ભારતમાં મહિલાઓના સશક્તિકરણ માટેની ચળવળ અને વિચારસરણી, આઝાદીની ચળવળ અને મહિલા મુક્તિના સંદર્ભમાં જોવા મળે છે. મહિલા સશક્તિકરણમાં 'શક્તિ' મહત્ત્વની છે. જેમાં બળ અને પ્રભાવ સમાયેલા છે.

## 2. મહિલા સશક્તિકરણનાં લક્ષણો જણાવો. (July 18)

- ડૉ. ચંદ્રિકાબહેન રાવલ મહિલા સશક્તિકરણને સમજાવતાં નીચે મુજબનાં લક્ષણો જણાવે છે : મહિલા સશક્તિકરણ એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં મહિલાઓને પોતાનું સ્થાન અને મોકળાશ મળેઆ પ્રક્રિયા મહિલાઓ દ્વારા સામૂહિક રીતે અને સભાનપણે કરવામાં આવેલા પ્રયત્નોની શૃંખલા છે.
- આ પ્રક્રિયા મહિલાઓને પોતાના હકોની અનુભૂતિ કરાવે છે. આ પ્રક્રિયા સત્તાની નવી સંકલ્પના છે. મહિલા સશક્તિકરણ તે સામાજિક પરિવર્તનની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા મહિલાઓની સભાનતા, અનુભવ, વિચાર, વર્તન વગેરે સાથે જોડાયેલી છે.
- આ પ્રક્રિયા મહિલાઓ વિશેની પરંપરાગત માન્યતાઓને બદલેઆ પ્રક્રિયા પુરુષ વિરોધી નથી, પરંતુ મહિલાઓ સમાજમાં પોતાના આત્મગૌરવ અને આત્મવિશ્વાસથી આગળ વધે એ પ્રકારનું લક્ષ્ય ધરાવે છે.

## 3. ગુજરાતમાં મહિલાઓ માટેની આરોગ્યલક્ષી યોજનાઓ જણાવો. (July 18, March 19)

- દરેક રાષ્ટ્રમાં અને રાજયમાં ગુણવત્તાયુક્ત વસ્તી પર ખાસ ભાર મૂકવામાં આવે છે, દરેક રાષ્ટ્ર અને રાજય જન્મમૃત્યુદરની સપ્રમાણતા, આરોગ્ય પોષણક્ષમ આહાર, જાતિગત સપ્રમાણતા વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને યોજનાઓ ઘડે છે.
- ગુજરાત રાજયમાં મહિલાઓના આરોગ્યની સુખાકારી માટે નીચે છે મુજબની અનેક યોજનાઓ તૈયાર કરવામાં આવી છે : 'ચિરંજીવી યોજના' 'ઈમમતા' 'બેટી વધાવો યોજના' 'કસ્તૂરબા પોષણ સહાય યોજના' 'જનની સુરક્ષા યોજના' 'દીકરી યોજના' 'આશા વર્કર માટે પ્રોત્સાહન યોજના' નર્સિંગ શાળામાં અભ્યાસ કરતી કન્યાઓને સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

- મહિલાઓ અને બાળકોની હૉસ્પિટલ માટે સહાય આપવામાં આવે છે. 'કિશોરી શક્તિ યોજના' 'સબલા' : 'રાજીવ ગાંધી બાલિકા સમૃદ્ધિ યોજના 'ઇન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના' ઉપર દર્શાવેલી યોજનાઓ દ્વારા મહિલાઓના આરોગ્યને સુધારવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

4. ભારત અને ગુજરાતમાં ઈ. સ. 2011ની વસ્તીગણતરી પ્રમાણે ગ્રામીણ અને શહેરી લિંગપ્રમાણ જણાવો. (March 18)

- દર હજાર પુરુષોએ મહિલાઓની સંખ્યા એ જાતિગુણોત્તર દર્શાવે છે, જેને 'લિંગપ્રમાણ' કહે છે. ઈ. સ. 2011ની વસ્તીગણતરી પ્રમાણે ભારતમાં ગ્રામીણ અને શહેરી લિંગપ્રમાણ નીચે પ્રમાણે છે
- કુલ લિંગપ્રમાણ : 940 ગ્રામીણ લિંગપ્રમાણ : 947 શહેરી લિંગપ્રમાણ : 926 ઈ. સ. 2011ની વસ્તીગણતરી પ્રમાણે ગુજરાતમાં ગ્રામીણ અને શહેરી લિંગપ્રમાણ નીચે પ્રમાણે છે : કુલ લિ ગપ્રમાણ : 018 ગ્રામીણ લિંગપ્રમાણ : 947 શહેરી લિંગપ્રમાણ : 880 ભારતમાં અને ગુજરાતમાં મહિલા અને પુરુષોના જાતિ પ્રમાણમાં મોટો તફાવત (940 અને 918) હોવા છતાં બંને જગ્યાએ ગ્રામીણ વિસ્તારોમાં લિંગપ્રમાણ સમાન (947) છે. ભારત કરતાં ગુજરાતમાં સ્થળાંતરની પ્રક્રિયા અને એ કલા પુરુષોના સ્થળાંતરની પ્રક્રિયા અસરકારક હોવાના કારણે રાજ્યના ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં લિંગપ્રમાણમાં મોટો તફાવત (926 અને 880) જોવા મળે છે.

5. મહિલા કલ્યાણલક્ષી કાનૂનના કોઈ પાંચ નામ આપો.

- ભારતના કલ્યાણ રાજ્યના આદર્શને ધ્યાનમાં રાખી મહિલાઓ માટે કલ્યાણલક્ષી કાનૂનો ઘડવામાં આવ્યો છે, કેટલાક મુખ્ય કાનૂનો, કાનૂન અમલનું વર્ષ અને કાનૂનનો હેતુ નીચે પ્રમાણે છે :
- 1. ફેક્ટરી ઍક્ટ : ઈ. સ. 1948 ૪ મહિલાઓના કામના કલાકો નક્કી કરવા અને કામના સ્થળે ઘોડિયાઘરની વ્યવસ્થા કરવી.
- 2. કામદાર રાજ્ય વીમા કોર્પોરેશન કાનૂન : ઈ. સ. 1948 ૪ કામદાર મહિલાને પ્રસુતિના તેમજ વીમાના લાભ આપવા.
- 3. બીડી અને સિગાર કામદાર કાનૂન : ઈ. સ. 1966 મહિલાઓની રાત્રિ રોજગારી કે નોકરી પર પ્રતિબંધની જોગવાઈ
- 4. સમાન વેતન ધારો : ઈ. સ. 1976 મહિલાઓને પુરુષ સમકક્ષ વેતન આપવું.
- 5. કૌટુંબિક અદાલત કાનૂન : ઈ. સ. 1984 મહિલાઓને ઝડપી ન્યાય અપાવવાની જોગવાઈ તથા બાળકોના કલ્યાણ માટે અદાલતની રચના કરવી.
- 6. કાનૂની સેવા સહાયને લગતો કાનૂન : ઈ. સ. 1987 નબળા વર્ગના મહિલા અને પુરુષને વિનામૂલ્ય કાનૂની સહાય આપવી.
- 7. મહિલા રાષ્ટ્રીય પંચ કાનૂન : ઈ. સ. 1990 મહિલાલક્ષી કાયદાઓનું અસરકારક રીતે અમલીકરણ માટે આ ઉપરાંતના મહિલા કલ્યાણલક્ષી કાયદાઓ દ્વારા મહિલા સશક્તિકરણને વેગ આપવામાં આવે છે.